# શ્રી ગોહિલવાડ દશાશ્રીમાળી સેવા સંઘ, બોરીવલી

REGD. NO. MH - 222-1983 G.B.B.S.D.

**શ્રી મૂળજીભાઈ ગોપાળજીભાઈ મહેતા પરિવાર (વિરાર) પ્રેરિત બોરીવલી કાર્યાલય**

બોરીવલી કાર્યાલય : ૧૦૧, શ્રીમદ્ ગોકુલ, અનિલભાઈ દેસાઈ રોડ,મંડપેશ્વર સિવીક ફેડરેશન (MCF) થી આગળ,
બોરીવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૯૨, ફોન : (૦૨૨) ૩૫૬૪૭૦૭૬ / ૮૭૯૩૪ ૦૪૧૩૬

E-mail : sgdss1983@gmail.com / Website : www.gohilwadsangh.org

**કે.ટી. પરિવાર (વસઈ) પ્રેરિત કે.ટી.વાડી**

વસઈ કાર્યાલય : કે.ટી. વાડી, હોલી પેરેડાઈઝ સ્કુલની બાજુમાં,કે.ટી.વિલેજ, વસઈ (વેસ્ટ),
જી. પાલઘર - ૪૦૧ ૨૦૨. ફોન : (૦૨૫૦) ૨૩૩ ૧૯૨૮, ૮૪૫૯૮ ૫૧૦૩૪

તા.૦૭-૦૧-૨૦૨૪

શ્રી ગોહિલવાડ દશાશ્રીમાળી સેવા સંઘ, બોરીવલી સંચાલિત
શ્રીમતી કાન્તાબેન સન્મુખલાલ શાહ
**'શ્રી ઉત્કર્ષ યોજના'**
અને શ્રી દ્વારકાદાસ મુળચંદ પારેખ તથા શ્રીમતી તારાલક્ષ્મી દ્વારકાદાસ પારેખ
**'સ્નેહ સંમેલન જમણવાર યોજના'**
પ્રેરિત

## ૪૦ મું વાર્ષિક સ્નેહ સંમેલન

**રવિવાર, તા.૦૭-૦૧-૨૦૨૪**
**સવારે ૯.૦૦ ક.**

તથા
માતૃશ્રી વિમળાગૌરી કનૈયાલાલ દેસાઈ અને શ્રી કનૈયાલાલ હરીલાલ દેસાઈ પરિવાર પ્રેરિત
**'પર્યટન અને સાંસ્કૃતિક યોજના હેઠળ**

## રોયલ ગાર્ડન રીસોર્ટ
## એક દિવસીય પર્યટન



સાસુનવઘર,
નેશનલ હાઈવે નં.૮,
તા. વસઈ ડીસ્ટ્રીક્ટ,
પાલઘર-૪૦૧૨૦૮
મો. ૯૭૦૨૦૫૨૦૭૪
૯૧૩૭૬૪૩૫૩૧

:આજના સમારંભના મુખ્ય યજમાન :

## :શ્રી મહેશભાઈ નાગરદાસ પાતાણી-દહાણુ રોડ

:આજના સમારંભના અતિથી વિશેષ:

## શ્રી ચિમનભાઈ મુળજીભાઈ મહેતા-બોરીવલી/વિરાર

વ્હાલા સભાસદ ભાઇઓ બહેનો તથા બાળકો,

દિવાળી પછી સર્વ સભાસદ ભાઇ બહેનો સ્નેહ સંમેલન અને એક દિવસીય પર્યટનનો ઈંતજાર કરી રહ્યા હોય છે. ઉપરોક્ત બંન્ને યોજના હેઠળ સેવા સંઘે સ્નેહ સંમેલન તથા એક દિવસીય પર્યટનનું સાથે આયોજન કર્યુ છે. તો ચાલો વર્ષ ૨૦૨૪ના આગમનને વધાવીએ, અને મુંબઇના ધાંધલભર્યા જીવન અને મશીનવૃત જીંદગીથી દૂર કુદરતના ખોળે ભરપૂર આનંદ લેવા... સ્નેહ સંમેલન તથા એક દિવસીય પર્યટન રોયલ ગાર્ડન રિસોર્ટ ખાતે યોજેલ છે.

સાથે ખાશું, પીશું, હરશું અને ફરશું... વોટર પાર્કમાં સંગીત સાથે રાઇડની મજા પણ કરશું. સાથે રમશું, સાથે જમશું... મનોરંજન સાથે મોજ મસ્તી પણ કરશું. બસમાં જઇશું, બસમં આવીશું, સૌની આગતા સ્વાગતા સરસ રીતે કરીશું.

આ ઉપરાંત મુખ્ય મહેમાન, અતિથિ વિશેષો, આમંત્રિત મહેમાનો તથા આપણીએને અન્ય જ્ઞાતી/સંસ્થાઓના પ્રમુખોની ઉપસ્થિતીમાં યોજાતા આ કાર્યક્રમ દરમ્યાન આપણા સમાજના વિશિષ્ટ સિતારાઓને અને ઉચ્ચ ગુણાંકના વિદ્યાર્થી ભાઇ બહેનોનું ટ્રોફી મેડલ તથા સર્ટીફિકિટ આપી સન્માન કરવામાં આવશે. આ પ્રસંગને આનંદોત્સવ બનાવવા માટે ભરપૂર મનોરંજન કાર્યક્રમ અને સ્વાદિષ્ટ ભોજન સમારંભનું આયોજન પણ કરવામાં આવેલું છે.

## પ્રમુખ શ્રી ની કલમે થી

**શ્રી ભાવેશભાઇ વસંતરાય મહેતા**

માનનીય સભાસદ ભાઇઓ / બહેનો સ્વજનો,

શ્રી ગોહિલવાડ દશાશ્રીમાળી સેવા સંઘ-બોરીવલી સંચાલિત ઉપર મુજબ સ્નેહ સંમેલન તથા એક દિવસીય પર્યટનનું આયોજન રવિવાર તા. ૭-૧-૨૦૨૪ ના રોજ રોયલ ગાર્ડન રીસોર્ટ ખાતે યોજવામાં આવ્યું છે, જેમાં વિવિધ સ્થળેથી બસની વ્યવસ્થા કરવામાં આવી છે. આ પ્રસંગમાં મુખ્ય મહેમાન. અતિથિ વિશેષ, આમંત્રિત મહેમાનો તથા અન્ય જ્ઞાતિ / સંસ્થાઓના પ્રમુખોની હાજરીમાં આપણા સેવા સંઘના વિશિષ્ટ સિતારાઓનું તથા ઉચ્ચ ગુણાંક મેળવનાર વિદ્યાર્થી ભાઇ બહેનોનું ટ્રોફી, મેડલ તથા સર્ટીફિકિટ આપી સન્માન કરવામાં આવશે. આ પ્રસંગને આનંદસભર બનાવવા માટે મનોરંજન કાર્યક્રમ અને સ્વાદિષ્ટ ભોજન સમારંભનું આયોજન પણ કરવામાં આવેલ છે. આ ઉપરાંત લક્કી ડ્રો પણ રાખવામાં આવેલ છે. મને આશા છે કે આ પ્રસંગમાં સહભાગી થઇ ભરપૂર આનંદ લેશો.

આજના પ્રસંગના મુખ્ય મહેમાન **'શ્રી મહેશભાઈ નાગરદાસ પાલાણી'** તથા અતિથિ વિશેષ **'શ્રી ચીમનભાઈ મુલજીભાઈ મહેતા'** તથા અન્ય મહાનુભાવો તથા અન્ય જ્ઞાતિ તથા સંસ્થાઓના પ્રમુખો / ટ્રસ્ટીઓનું હું સેવા સંઘના પ્રમુખ તરીકે અભિવાદન કરું છું. તેમ જ સહુનું હાર્દિક સ્વાગત કરું છું.

સ્નેહ સંમેલનના ઉત્કર્ષ યોજનાના દાતા **'શ્રીમતી કાન્તાબેન સન્મુખલાલ શાહ'** તથા કાયમી જમણવાર યોજનાના દાતા **'શ્રી દ્વારકાદાસ મુળચંદ પારેખ'** તથા **'શ્રીમતી તારાલક્ષ્મી દ્વારકાદાસ પારેખ અને માતુશ્રી વિમળાગૌરી કનૈયાલાલ દેસાઈ તથા કનૈયાલા દેસાઈ પરિવાર'** પ્રેરીત પર્યટન અને સાંસ્કૃતિક યોજનાના દાતાઓનું આ પ્રસંગ સારી રીતે ઉજવાય તે માટે માતબર રકમનું અનુદાન આપેલ છે. જે માટે આ દરેક પરિવારના સભ્યોનું હું ખુબ ખુબ આભાર માનું છું.

મુબઇના દોડધામ અને ધમાલિયા જીવનમાં જુદા જુદા પરાઓમાં રહેતા આપણા સગા સંબંધીઓને આપણે મળી શકતા નથી આ માટે આવા સ્નહ સંમેલન તથા એક દિવસીય પર્યટન યોજવાનો મુખ્ય આશય 'આપણા સમાજના જ લોકો એક બીજાને મલી શકે અને એક બીજાની લાગણી વ્યક્ત કરી શકે એજ છે.'

હાલમાં આપણે મહિલા વિભાગમાં શ્રીમતી કુમુદબેન હસમૂખલાલ શાહ પ્રેરીત સખી ગ્રુપનું આયોજન કરેલ છે.તેમાં ૧૫૦ મહિલાઓ સભ્ય થઇ ચુકી છે. મહિલાઓ એકબીજાને મળી શકે તેમ જ સેવા સંઘના કાર્યક્રમોમાં મદદરૂપ થાય એજ આશય છે. જુદા જુદા કાર્યક્રમો યોજી મહિલાઓમાં જાગૃતી આવે તે માટે પણ આ ગ્રુપની યોજના કરવામાં આવેલ છે. આ સખી ગ્રુપનું ૨૦૨૩નું વર્ષ માર્ચ ૨૦૨૪માં પુરૂ થાય છે. તો સેવા સંઘના દરેક મહિલાઓને વિનંતી કે ૨૦૨૪થી નવા વર્ષથી હજુ પણ વધારે મેમ્બરો થાય એવી અમારી આશા અને વિનંતી છે. આ માટે સેવા સંઘની આફીસે સંપર્ક કરવા વિનંતી છે.

સેવા સંઘની રાબેતા મુજબની સેવાકીય પ્રવૃત્તિઓ જેવી કે અનાજ વિતરણ સહાય યોજના, મેડીકલ સહાય યોજના, શૈક્ષણીક પાઠ્યપુસ્તક તેમ જ નોટબુક યોજના, શિષ્ય વૃત્તિ યોજના, કન્યા મુરતીયા પરિચય સંમેલન યોજનાઓના ઉદાર દિલાના દાતાઓના દાતા પરિવારનો પણ હું ખતા હૃદયથી આભાર માનું છું. આ ઉપરાંત વર્ષ દરમ્યાન અલગ અલગ યોજનાઓમાં તેમ જ જનરલ ફંડમાં પણ અનુદાન આપનારનો પણ હું આભાર માનુ છું.

હાલમાં કોમ્પયુટરના યુગમાં દેશ બહુજ વિકાશ અને પ્રગતી કરે છે. સેવા સંઘ આ માટે ડિઝીટીલાઇજેશનનો વિચાર કરેલ હતો જે એપ્રિલ ૨૦૨૪થી કાર્યરત થઇ જશે. આ માટે સભાસદોએ સેવા સંઘની ઓફીસમાં કોઇ પણ કામકાજ માટે આવવાનું નહીં રહે, તે માટે મોબાઇલ વોટ્સઅપ ઇમેલઆઇડી તેમ જ ઓનલાઇનથી જ દરેક કામકાજ થઇ શકશે. આ ડીજીટીલાઇજેશન શરૂ કરવા માટે આપણા સેવા સંઘના જ સભાસદ શ્રી દિપકભાઇ નટવરલાલ મહેતા (વાઘાણી) એ માતબર રકમનું ડોનેશન આપેલ છે. જે માટે સેવા સંઘ તરફથી તેમનો તથા તેમના પરિવારનો હું હૃદયપૂર્વક આભાર માનું છું.

હાલ સેવા સંઘ ૩૩૦૦ સભાસદોની સંખ્યા પર પહોંચેલ છે. હાલમાં મોંઘવારીમાં વધારો, મેડીકલ , દવા, શૈક્ષણીક ખર્ચાઓમાં આનાજના ભાવોમાં પણ બેફામ વધારો થયેલ છે. વ્યાજના દરમાં પણ ઘટાડાના કારણે વ્યાજની આવકમાં પણ ઘટાડો થયેલ છે. આ ઉપરાંત સહાયક ઇચ્છુકોમાં પણ વધારે સંખ્યા જોવા મળેલ છે. આ માટે જરૂરિયાતવાળા કુટુંબોને સહાય માટે હજુ આર્થિક બળની જરૂર છે. તો યોજનાના દાતાઓને વિનંતી કે યોજનામાં વધુ અનુદાન કરી તથા આપના સાધન સંપન્ન સ્નેહી સગા સંબંધીને પણ વિનંતી કરી ફૂલ નહીં તો ફૂલની પાંખડીનું અનુદાન કરાવી સેવા સંઘને આર્થિક દ્રષ્ટિએ મજબુત કરી સેવા સંઘને સહાકાર આપવા વિનંતી છે.

આજે બહુજ આનંદની વાત એ છે કે આજના વાર્ષિક સ્નાહ સંમેલનની તથા એક દિવસીય પર્યટનની ઉજવણી મુંબઇ પાસેના એક પ્રખ્યાત રીસોર્ટમાં કરવામાં આવી છે. અહીં જ્ઞાતિ મિત્રો આ કાર્યક્રમમાં ભેગા થયા છે તથા આમંત્રિત મહેમાનો ઉત્સાહ પૂર્વક સહાભાગી થાય છે. તેથી આજની ઘડી રળિયામણી લાગી રહી છે. આપણી જ્ઞાતિની માતૃસંસ્થાઓનો ઉત્તમ સાથ અને સહકાર મેળવી સેવા સંઘ પ્રોત્સાહિત થાય છે. સૌ ઉપસ્થિતોનો હૃદય પૂર્વકનો આભાર સાથે અભિનંદન...

**શ્રી ભાવેશભાઈ વસંતરાય મહેતા**

*ના જયશ્રી કૃષ્ણ–જય જીનેન્દ્ર–જય સ્વામી નારાયણ*

**પ્રમુખ : શ્રી ગોહિલવાડ દશાશ્રીમાળી સેવા સંઘ–બોરીવલી**

## આજના સમારંભના મુખ્ય યજમાન

**શ્રી મહેશભાઈ નાગરદાસ પાતાણી**

આજના સ્નેહ સંમેલન તથા એક દિવસીય પર્યટનના મુખ્ય મહેમાન શ્રી મહેશભાઇ નાગરદાસ પાતાણી છે. જેમનો જન્મ દહાણુ રોડ મુકામે ૧૯૫૩માં થયો હતો. શરૂઆતમાં સંયુક્ત કુટુંબમાં ૨૦ થી ૨૫ કુટુંબના સભ્યો સાથે એક રૂમ વાળી ચાલી સિસ્ટમમાં રહીને મોટા થયા.

નાની ઉંમર અને કઇક નવું કરવાની ઉત્કંઠા સાથે જીવનભર સંઘર્ષ કરી આ સ્થાને પહોંચ્યા છે. આવનાર દરેક મુશ્કેલીઓનો સામનો કરી કઇક નવું કરવાની ભાવના સાથે ૧૯૮૫માં બિલ્ડીંગ લાઇનમાં જંપલાવ્યું. સફળતાની સીડી સાથે સમાજ માટે પણ કઇક કરવાની ભાવના સાથે પુરૂષાર્થ અને પરમાર્થ જેવું જીવન જીવવાની આશા સાથે આગળ વધતા જ ગયા. આ રીતે મહેનત, નશીબ અને ઇશ્વર કૃપાથી પોતાની બિલ્ડીંગ લાઇનમાં સફળ થતાં જ રહ્યા. આ રીતે સમાજના ઉધ્ધાર માટે ક્યારેય થાકતા નથી કે અટકતા નથી. સમાજ માટે નવું કરવાની એ પોતાની ભાવના અને ધર્મ સમજતા.

આ રીતે ૩૧ વર્ષ સુધી શ્રી દશાશ્રીમાળી વણિક સમાજ દહાણુમાં તન–મન–ધનથી સેવા આપતા જ રહ્યાં. આમાં પણ સચિવ પદ અને પ્રમુખ પદ શોભાવ્યું. બિલ્ડીંગ લાઇનના અનુભવને કારણે મુંબઇ અને વલસાડ વચ્ચે પહેલો આધુનિક અને ભવ્ય A.C. Hall શ્રી મહેશભાઇ પાતાણીએ પોતાની સંપૂર્ણ દેખરેખ નીચે આપણા સમાજના દહાણુ વણિક સમાજ માટે બનાવવામાં આવ્યો.

આ ઉપરાંત ઇરાની રોડ–દહાણુ માં જૈન સંઘમાં ૭ વર્ષ સુધી ખજાનચી તથા ટ્રસ્ટી પદે રહી પોતાની સેવા આપી અને પોતાની જાત દેખરેખ નીચે મહારાજ સાહેબના ઉતારા માટે ૧૦,૦૦૦ સ્કે.ફીટનો ઉપાશ્રય બનાવ્યો.

ગોપીપુરા જૈન સંઘમાં ૧૧ વર્ષથી સચિવ ઉપપ્રમુખ તથા ટ્રસ્ટી તરીકે સેવા આપે છે. દહાણુના ઇતિહાસમાં પ્રથમ શિખરબંધી દેરાસર તથા ગ્રાઉન્ડ + બે માળનો ઉપાશ્રય બનાવવામાં શારિરીક તથા આર્થિક રીતે સેવા આપી. આ ઉપાશ્રયમાં પહેલા માળના હોલ માટે માતબર રકમનું દાન આપી તે હોલને પોતાની માતાશ્રીનું નામ આપ્યું. ગોપીપુરામાં બહારથી આવતા જતાં ને વ્યાજબી ભાવે રહેવાની સગવડ મળે તે માટે જૈન ભુવન બનાવ્યું. તેમાં ૧૦ A.C. Room તથા ૨૦૦૦ સ્કે.ફીટના હોલ ને પોતાની માતુશ્રીનું નામ આપી સમાજને અર્પણ કર્યો છે.

આ ઉપરાંત શૈક્ષણીક ક્ષેત્રમાં પણ તેમનું બહુ જ યોગદાન છે. તેઓ શ્રી H & HJ વકીલ મોડેલ સ્કુલમાં ભણ્યાં છે. અને એ સ્કુલમાં ૩૧ વર્ષ સુધી સચિવ ખજાનચી તરીકે સેવા આપી અને આજની તારીખે એ સ્કુલમાં પ્રમુખ તરીકે કાર્યરત છે.

તેઓ મોડેલ સ્કુલ ટ્રસ્ટ હેઠળ એક ગુજરાતી શાળા, અંગ્રેજી શાળા, ITI કોલેજ અને આદિવાસી કન્યા શાળા પણ ચલાવે છે. આમાં અંગ્રેજી શાળા માટે આપણા સમાજના અગ્રણી અને દહાણુમાં આગળ પડતા વડીલ શ્રી હસમુખભાઇ મોહનલાલ પારેખે પણ માતબર રકમનું અનુદાન આપી તેમના માતુશ્રી હસુમતી બેન એમ પારેખનું નામ આપેલ છે. જે આપણા સમાજ માટે ગૌરવ લેવા જેવી વાત છે.

ભવિષ્યમાં ક્લાસરૂમ ઓછા પડે તો તકલીફ ન પડે તે હેતુથી હમણાં નવા ૧૦ ક્લાસરૂમનું બાંધકામ ચાલુ કરેલ છે. જે ભવિષ્યમાં ધોરણ ૧૧ તથા ધોરણ ૧૨ માટે કોલેજ ચાલુ કરવાનું પ્લાનીંગ છે.

ઉપર મુજબની દરેક સંસ્થાઓમાં ૭૩૦૦૦ સ્કે.ફીટનું બાંધકામ કરવામાં આવેલ છે. જેમાં ૭૩ ક્લાસરૂમ, જીમ અને એક મોટો હોલ બાંધવામાં આવેલ છે. જેમાં સાંસ્કૃતિક કાર્યક્રમો પણ થાય છે.

આમ ઉદારતા સાથે શૈક્ષણીક ક્ષેત્રમાં પણ તેમનું આગવું સ્થાન છે. તેમ જ યોગદાન પણ છે. હાલ છેલ્લા ૧૨ વર્ષથી રીટાયર્ડ થયેલ છે, પણ ટાયર્ડ થયા નથી. તેઓ ઉપાશ્રય, મંદિર તથા સ્કુલોમાં રોજ રૂબરૂ હાજરી આપી દરેકનું સંચાલન કરવામાં ધ્યાન આપે છે. આમ સમાજને તન-મન-ધન રૂપી સેવા આપી સમાજને મદદરૂપ થાય છે. આ રીતે વ્યક્તિ પોતાના સમાજ માટે જનરલ સમાજ માટે વિચારીને કંઇક સમાજ ઉપયોગી કામ કરે તથા દાન કરે તેમ જ સમાજની પ્રગતિ માટે વિચારણા કરે ત્યારે સમાજે પણ અચુક કદર કરી તેમને આપેલ સેવા માટે બિરદાવવા જોઇએ. આપણે બધા ઇશ્વરને પાર્થના કરીએ તેમને તંદુરસ્ત આયુષ્ય આપે અને સમાજના કાર્યમાં હજુ પણ આગળ વધે તેવી ઇશ્વરને પ્રાર્થના...

આમ આજના સ્નેહ સંમેલન તથા એક દિવસીય પર્યટનના મુખ્ય મહેમાન બનવા માટે અમારૂ આમંત્રણ સ્વીકારવા બદલ શ્રી ગોહિલવાડ દશાશ્રીમાળી સેવા સંઘ-બોરીવલી તેમનો હૃદય પૂર્વક આભાર માને છે.

ઉચ્ચ ગુણાંક મેળવનાર /વિશિષ્ટ સિતારાને **ટ્રોફી** તથા **મેડલ** ના દાતા

**શ્રી કે.ટી. પરિવાર-વસઇ**

**કેટી પરિવારના નામથી કોણ અજાણ્યું હશે ? સૌથી પહેલા આપણે કેટી પરિવારના ભાઈઓના નામ લેવા પડે...**

**શ્રી હસમુખભાઈ એમ શાહ - શ્રી પ્રતાપભાઈ એમ શાહ - શ્રી કિરણભાઈ એમ શાહ**

**અને સ્વર્ગસ્થ શ્રી મહેન્દ્રભાઈ એમ શાહ, કેટી રિસોર્ટના આ કેટી પરિવારથી આપણે સૌ પરિચિત છીએ. પીકનીક, પાર્ટી, એન્જોયમેન્ટ માટે આપણે એમના રિસોર્ટ ની મુલાકાત લીધી જ હોય. આ ઉપરાંત એમનું બિલ્ડર તરીકેના વ્યવસાયમાં પણ આગવું નામ છે. તેઓ સમાજના મોભી છે. સંસ્થા સાથે ખૂબ સારી રીતે સંકળાયેલા છે. વસઈમાં વાડીનો પ્લોટ તેઓ એ જ આપણા સેવા સંઘને આપ્યો છે. આ ઉપરાંત વિવિધ શૈક્ષણિક ક્ષેત્રમાં પણ એમનું આગવું અનુદાન છે. સારી રીતે ઉત્તીર્ણ વિદ્યાર્થીઓને અને વિશિષ્ટ સિતારાઓને મેડલ અને ટ્રોફી પણ તેઓ સ્પોન્સર કરેલ છે.**

**કેટી પરિવારના દરેક જનરેશન સમયના ક્રમમાં આપણી સંસ્થા સાથે સતત જોડાયેલા છે. સંસ્થા તેમના સમાજમાં કરેલા અનુદાન / યોગદાન બદલ હૃદયપૂર્વક તેમના આભારી છે.**

---

શ્રી ગોહિલવાડ દશાશ્રીમાળી સેવા સંઘ,બોરીવલી

**વર્ષ દરમિયાન વિવિધ યોજનામાં મળેલ અનુદાનની યાદી**

તારીખ ૧-૪- ૨૦૨૨ થી આજ સુધી

**ગોહિલવાડ દશાશ્રીમાળી સંઘ ડીજીટીલાઈજેશન કાર્યક્રમ**

| | |
|---|---|
| શામ ફાઈન ઓ ફંજી લિમિટેડ | |
| શ્રી દિપકભાઈ નટવરલાલ મહેતા | રૂ.૩,૫૦,૦૦૦/- |
| શ્રીમતી પીનાબેન જે. મહેતા-બોરીવલી | રૂ.૫૧,૦૦૦/- |
| શ્રીમતી આરતીબેન બી. મહેતા-બોરીવલી | રૂ. ૧૧,૦૦૦/- |

**વૈદકીય રાહત યોજના**

| | |
|---|---|
| શ્રી જયંતભાઈ હરીલાલ શેઠ | રૂ.૧૫,૦૦૦/- |

**જનરલ કોર્પસ ફંડ**

| | |
|---|---|
| સ્વ. કાન્તીલાલ વેણીલાલ શેઠ હ. અરૂણાબેન કાન્તીલાલ શેઠ | રૂ. ૧૧,૦૦૦/- |
| સ્વ. ભરતભાઈ વેણીલાલ શેઠ | રૂ. ૧૧.૦૦૦/- |
| શ્રી મનોજભાઈ મહેતા | રૂ. ૧૧,૦૦૦/- |

**શિષ્યવૃત્તિ જનરલ ફંડ**

| | |
|---|---|
| શ્રી જયંતભાઈ હરીલાલ શેઠ | રૂ. ૧૫,૦૦૦/- |

**કેન્સર રાહત દવા યોજના**

| | |
|---|---|
| સ્વ. હર્ષદભાઈ જયંતીલાલ મહેતા પરિવાર હ. શ્રીમતી હંસાબેન જયંતીલાલ મહેતા | રૂ. ૩૦,૦૦૦/- |

# વૈદકીય રાહત

## પથદર્શક ચેરીટેબલ ટ્રસ્ટ

પથદર્શક ચેરીટિબલ ટ્રસ્ટ દ્વારા આપણા સભાસદોને મેડીકલ ખર્ચમાં રાહત થાય તે માટે સભાસદને ૨૫ % ડીસ્કાઉન્ટ આપે છે. આ ઉપરાંત ફક્ત સેવા સંઘના ખરેખર જરૂરિયાતવાળા સભાસદોને દવામાં ૬૦ % ડીસ્કાઉન્ટ આપે છે તેમ જ આપણી જ્ઞાતિના જરૂરિયાત મંદોને M.R.I.-C.T. Scan માં પણ ૫૦ % રાહત આપે છે આ માટે જરૂરિયાતવાળા સભાસદોએ સેવા સંઘની ઓફિસમાં સંપર્ક કરવો. આ ઉપરાંત વિરારમાં હોસ્પીટલ શરૂ કરેલ છે. જેમાં ઘણી જાતની સારવાર ખુબ જ રાહતના દરે આપવામાં આવે છે. તો તેનો લાભ જરૂરિયાતવાળા સભાસદોને લેવા વિનંતી.

વિરાર Day-Care હોસ્પીટલ નું સરનામું : પથદર્શક મેડીકલ સેન્ટર (P.D. Medical Center)

દફતરી કોમ્પલેક્ષ, પહેલે માળે, એમ.બી.એસ્ટેટ, વિરાર(વેસ્ટ), પાલઘર-૪૦૧૩૦૩. ફોન નં. 74988 88470

# ઉચ્ચ ગુણાંક

## મેળવનાર વિદ્યાર્થીઓની યાદી ૨૦૨૨-૨૦૨૩

| | | | |
|---|---|---|---|
| | **STD-1 ST.** | | |
| 1 | RIVAN SHAH | A+ | 1 ST PRIZE |
| 2 | SHAH PARSHVA RUPESH | A1 | 2 ND PRIZE |
| | **STD-2 ND** | | |
| 1 | PAKHI VRINDESH DOSHI | A+ | 1 ST PRIZE |
| 2 | RISHAAN NIRMAL PAREKH | A1 | 2 ND PRIZE |
| | **STD-3 RD** | | |
| 1 | KAVISH KAPDI | A+ | 1 ST PRIZE |
| 2 | KIAN NIRAJ SHAH | A | 2 ND PRIZE |
| | **STD-4 TH** | | |
| 1 | JIYAAN H. MEHTA | A+ | 1 ST PRIZE |
| 2 | JIYANSH GAURAV GANDHI | A1 | 2 ND PRIZE |
| | **STD-5 TH** | | |
| 1 | HITARTH ASHISH DOSHI | 90.89% | 1 ST PRIZE |
| 2 | BHAYANI HETANSH JIGNESH | 86% | 2 ND PRIZE |
| 3 | PARIN VRINDESH DOSHI | A+ | 1 ST PRIZE |
| 4 | VEDANT AMIT AJMERA | A+ | 2 ND PRIZE |
| | **STD-6 TH** | | |
| 1 | YUG JIGNESH SHAH | A | 1 ST PRIZE |
| 2 | MEET NILESH SARVAIYA | A2 | 2 ND PRIZE |
| 3 | JIYAN SHAH | A | |
| | **STD-- 7 TH** | | |
| 1 | RASHI VIRAL SHAH | A2 | 1 ST PRIZE |
| 2 | DHAIRYA JIGNESH KAMDAR | A2 | 2 ND PRIZE |
| | **STD- 8 TH** | | |
| 1 | SIDDHI JIGNESH SHAH | A1 | 1 ST PRIZE |
| 2 | KAAVYA NILESH SARVAIYA | A1 | 2 ND PRIZE |
| | **STD-10 TH- S.S.C.** | | |
| 1 | VEDANTI SACHIN MEHTA | | 1 ST PRIZE |
| 2 | MAHEK HETAL MODI | | 2 ND PRIZE |
| 3 | MEHTA NIDHI HIREN | | 3 RD PRIZE |
| | **STD 11 TH-COMMERCE-** | | |
| 1 | PRATHAM MANISH VAGHANI | | 1 ST PRIZE |
| 2 | RISHI NIRAV MEHTA | | 2 ND PRIZE |
| | **STD-11 TH-SCIENCE** | | |
| 1 | AAGAM KALPESH KAMDAR | | |
| | **STD-12-COMMERCE-** | | |
| 1 | MEHTA STUTI BHAVESH | | |
| | **STD-14 TH-COMMERCE** | | |
| 1 | DRASHTI NIPUL ADANI | B+ | |
| | **C.A FINAL** | | |
| 1 | AYUSHI JAYESH UDANI | | |
| | **COMPUTER SCIENCE** | | |
| 1 | SATYAM NAYAN SHAH | | GRADE |
| | **M.COM** | | |
| 1 | NEEL PARAS MEHTA | | GRADE |
| | **B D S** | | |
| 1 | KRISHNA MEHUL MEHTA | | GRADE |
| | **M PHARM** | | |
| 1 | DHARA NIKUNJ MEHTA | | GRADE |
| | **LLB** | | |
| 1 | PAULOMI J. PAREKH | A+ | |
| | **AVIATION** | | |
| 1 | VISHAL HARISH SHAH | GRADE | |
| | **B.Sc (NUTRITION & DIETETICS)** | | |
| 1 | TANVI HARISH SHAH | | |

## લક્કી ડ્રો ના ઇનામોની યાદી નીચે મુજબ છે... વર્ષ ૨૦૨૨-૨૦૨૩

| | | | |
|---|---|---|---|
| **૧) સોનાની લગડી** | | **૧ ગ્રામ** | |
| ૨)-૩) | ચાંદીની લગડી | ૫ ગ્રામ | (ટોટલ ઈનામ નંગ ૨) |
| ૪)-૫) | ચાંદીની લગડી | ૧૦ ગ્રામ | (ટોટલ ઈનામ નંગ૨) |
| ૬)-૭) | ચાંદીની લગડી | ૧૫ગ્રામ | (ટોટલ ઈનામ નંગ૨) |
| ૮)-૯) | ચાંદીની લગડી | ૨૦ ગ્રામ | (ટોટલ ઈનામ નંગ૨) |
| ૧૦)-૧૧) | ચાંદીની લગડી | ૨૫ ગ્રામ | (ટોટલ ઈનામ નંગ૨) |
| **ટોટલ લક્કી ડ્રોના ઈનામોની સંખ્યા** | | **૧૧** | |

## કાર્યક્રમ રોયલ ગાર્ડન રીસોર્ટ



| | |
|---|---|
| વિવિધ સ્થળેથી બસ ઉપડવાનો સમય | : સવારે ૭.૦૦ ક |
| સવારનો ચા નાસ્તો | : સવારે ૯.૦૦ ક. થી ૧૦.૩૦ ક. |
| રીસોર્ટમાં પોતાની રીતે આનંદ | : સવારે ૧૦.૦૦ ક. થી બપોરે ૧.૩૦ ક. |
| માણવાનો સમય | પીઝા પાસ્તા, બરફગોલા કાઉન્ટર પરથી મલશે |
| બપોરનું જમણ | : બપોરે ૧.૦૦ ક. થી ૩.૦૦ ક. |
| મનોરંજન કાર્યક્રમ | : બપોરે ૩.૦૦ ક. થી ૪.૦૦ ક. |
| Karaokc Singing by MISBA EVENTS | |
| વિશિષ્ટ સિતારાઓ અને ઉચ્ચ ગુણાંક વિદ્યાર્થીઓને પુરસ્કાર વિતરણ | : બપોરે ૪.૦૦ ક. થી ૫.૦૦ ક. |
| તથા મુખ્ય યજમાન તથા અતિથી વિશેષ બહુમાન | |
| ચા-કોફી-બિસ્કીટ | : સાંજે ૩.૦૦ ક.થી ૪.૦૦ ક. |
| સાંજનું જમણ | : સાંજે ૬.૦૦ ક.થી ૭.૦૦ ક. |
| બસ પ્રસ્થાન-ઘર તરફ પ્રયાણ | : સાંજે ૭.૦૦ ક. |

### :કન્વીનરો:

**શ્રી ભાવેશભાઇ વી.મહેતા** 9820074164
**શ્રી પંકજભાઇ જે. શાહ** 9890060313
**શ્રી ભાવેભાઇ સી.મહેતા** 9322791307

**શ્રી કિરણભાઇ એમ. શાહ** 9820075544
**શ્રી સુભાષભાઇ એમ. શાહ** 9819853689
**શ્રીમતી પલ્લવી એ. શાહ** 9869666644

**શ્રી હેમાંગભાઇ એમ. શાહ** 9325777117
**શ્રી અતુલભાઇ જે. દોશી** 9158917949
**શ્રીમતી રેવતી એચ. શાહ** 9833392475

### માનદ્ મંત્રી

**શ્રી ભુપેશભાઇ એમ. મહેતા**
**શ્રીમતી રેવતીબેન એચ. શાહ**
**શ્રી પંકજભાઇ જે. શાહ**

### પ્રમુખ

**શ્રી ભાવેશભાઇ વી. મહેતા**

### ઉપપ્રમુખ

**શ્રી હેમાંગભાઇ એમ. શાહ**
**શ્રી ચેતનભાઇ બી. દોશી**

### ખજાનચી

**શ્રી વિજયભાઇ એમ. મહેતા**
**શ્રી અતીનભાઇ એચ. શાહ**
**શ્રી સુભાષભાઇ એમ. શાહ**

## વિશિષ્ટ સિતારા ની ટ્રોફી મેળવનાર વિદ્યાર્થીઓની યાદી ૨૦૨૨-૨૦૨૩

| | | | |
|---|---|---|---|
| 2 | **PARIN DOSHI** | Smart Kid General Knowledge And Olympiad | GOLD |
| 3 | ***PAKHI DOSHI*** | Silver Foundation New Delhi Organized Olympiad Exam | GOLD |
| 4 | **VARDHMAN MITESH** | ModiJunior Taekwondo Championship 2023 (hosted By Indian Olympics Association) | SILVER |
| 5 | **UTKARSH MITESH** | ModiJunior Taekwondo Championship 2023 (hosted By Indian Olympics Association) | SILVER |
| 6 | **VEER KALPESH SHAH** | Junior Taekwondo Championship 2023 (hosted By Indian Olympics Association) | GOLD |
| 7 | **VED VIDUR MEHTA** | Phonics Olympiad 2023 (national Level) | TROPHY, MEDAL & CERTIFICATE |

## એક દિવસીય પર્યટનના બસ ના દાતાઓ ના નામો નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| ૧) | સ્વ. હર્ષદભાઇ જયંતીલાલ મહેતા હ. હંસાબેન હર્ષદભાઈ મહેતા | મલાડ |
| ૨) | સ્વ. દૌલત રાય કાંતીલાલ મહેતા હ. શ્રી પરાગભાઇ મહેતા | બોરીવલી |
| ૩) | શ્રીમતી રેખાબેન દૌલતરાય મહેતા હ શ્રી પરાગભાઇ મહેતા | બોરીવલી |
| ૪) | શ્રી દિપકભાઇ ધીરજલાલ ગાંધી | પાલઘર |
| ૫) | શ્રીમતી મૃદુલાબેન નવીનચંદ્ર ખોખાણી | વસઇ |
| ૬) | શ્રીમાન રસીકલાલ ગાંડાલાલ ખોખાણી | વસઇ |
| ૭) | શ્રી રમણિકલાલ વેલચંદ શાહ | વિરાર |
| ૮) | શ્રીમતી નંદકુવરબેન ધીરજલાલ જાગાણી | વસઇ |
| ૯) | આસ્થા હોસ્પીટલ હ. ડૉ. સંજયભાઇ વાઘાણી | વસઇ |
| ૧૦) | શ્રીમાન રમેશભાઇ મનસુખલાલ દોશી | વસઇ |
| ૧૧) | શ્રીમાન જયેશભાઇ સંઘરાજકા | વસઇ |
| ૧૩) | શ્રીમાન વસંતરાય અમીચંદ મહેતા | વસઇ |
| ૧૪) | ચંદન મુખવાસ હસ્તે દીશા પંકજ શાહ | બોરીવલી |
| ૧૫) | શ્રી દોશી પરિવાર હસ્તે વીણા ચેતન દોશી | બોરીવલી |

## સેવા સંઘનો સંપૂર્ણ કારોબાર ઓનલાઈન

Digital India Power To Empower | Digital Information Updates અગત્યની સુચનાઓ

- સર્વે સભાસદોનેખાસ વિનંતી કરવાની કે સેવા સંઘ દ્વારા મોકલવામાં આવેલા ડીજીટલ ફોર્મમાંમેમ્બર્સ સભ્યોની સંપૂર્ણ વિગતો સાથે સેવા સંઘની બોરીવલી કાર્યાલયમાં પહોંચાડવા નમ્ર વિનંતી...
- ડીજીટલ ફોર્મ સેવા સંઘના દરેક સભાસદોએ ભરી ને પાછું આપવું ફરજીયાત છે જેની ખાસ નોંધ લેવી.
- સેવા સંઘ દ્વારા ભવિષ્યમાં સંપૂર્ણ માહિતિની આપ-લે ઈમેલ અને એસ.એમ.એસ. દ્વારા તેમ જ સેવા સંઘનો સંપૂર્ણ કરોબાર પણ ઓન લાઈન આપવામાં આવશે. જેની સભાસદોએ ખાસ નોંધ લેવી.